જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૧૬ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૩૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૫ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી ૨૬૭ લીટર દેશી દારૂ, ૪૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬ બિયર કબજે કર્યા હતા. તેમજ બાપુનગર પો.સ્ટે.વિસ્તારમાં ગુ.નિ.શાખા દ્વારા પ્રોહી.કેસ કરી ઈંગ્લીશ દારૂની બોટલ અને બિયર ટીન મળી કુલ બોટલ ૨૦૦૪ અને છોટા હાથીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. તથા જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧,૮૩,૭૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૪૦/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ખુનની કોશિશની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૪૧/૧૬

**વાડજઃ** અતીક ઈકબાલભાઈ મકરાણી (ઉ.વ.૨૪) (રહે.મુસ્લીમ સોસાયટી ફિરદોસ મસ્જીદ પાસે દાણીલીમડા) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૮/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઉસ્માનપુરા ચાંપાનેર દામોદર બિલ્ડીંગ નારાયણ મંદિર પાસે આરોપી (૧) સંજય બાબુભાઈ વ્યાસ (રહે.દામોદર બિલ્ડીંગ નારાયણ મંદિર પાસે ચાંપાનેર ઉસ્માનપુરા) અને (૨) ખલી (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી છરી વડે શરીરે ઈજાઓ કરી જીવલેણ હુમલો કરી અતીક મકરાણીને જાનથી મારી નાખવાની કોશિશ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી જી રાઠોડ ચલાવે છે.

ઉપરોક્ત બન્ને આરોપીઓને ગુના કામે અટક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૪૨/૧૬

**અમરાઈવાડીઃ** સોનાલીબહેન સતિષચંદ્ર અગ્રવાલ (ઉ.વ.૧૭) (રહે.સોસાયટીની ચાલી જનતાનગર ન્યુ કોટન રોડ અમરાઈવાડી) ને તા.૨૦/૮/૧૬ કલાક ૮/૦૦ વાગે ખોખરા કે.કે.શાસ્ત્રી કોલેજ નજીકથી આરોપી સાગર (જેના પુરા નામની ખબ નથી) (રહે.નાગરવેલ અમરાઈવાડી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સોનાલીની માતા કલ્પનાબહેન અગ્રવાલે તા.૨૩/૮/૧૬ નારોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓ એમ દેસાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વેજલપુરઃ** સિન્યાબહેન કચરાભાઈ કોટેડ (ઉ.વ.૧૫) (રહે.રાધાકૃષ્ણ મંદિર પાછળ ગુપ્તાનગર વાસણા) ને તા.૨૫/૭/૧૬ બપોરના ૩/00 વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી મહેન્દ્ર કમજી મીણા લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે જીવરાજ મહેતા હોસ્પીટલ પાસે પ્રિયંકા સોસાયટી નજીકથી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સિન્યાબહેનની માતા કમલાબહેન કોટેડ એ તા.૨૩/૮/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર કે ઝાલા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૩/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** વિજયકુમાર અશોકભાઈ ભંડારી (રહે.હેરીટેજ હોમ વીલા થલતેજ સોલા) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિજયકુમારના ઘરમાં કામ કરતો ઘરઘાટી ખેમરાજ જીવાભાઈ કલાસવા (મુળ વતન. ઈટરી ખેડા વાલટી કળી તાલુકો સરાડા જીલ્લો ઉદેપુર રાજસ્થાન) તા.૨૨/૮/૧૬ થી તા.૨૩/૮/૧૬ કલાક ૮/00 વાગ્યા દરમ્યાન વિજયકુમારના ઘરમાંથી રૂપિયા ૪,૫0,000/- મતાની ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ આર મેઘાણી ચલાવે છે.

**બેદરકારીના લીધે મૃત્યુની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૪/૧૬**

**વટવાઃ** સકીનાબાનુ મોહમદભાઈ અરબ (રહે.વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળીયા વટવા) એ તા.૨૩/૮/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) યાસીનખાન સાબીરાખાન અને (૨) ખ્વાજા મયુદ્દીન ની બ્લોક નંબર ૩૮ નજીક કે.જી.એન.નામની ચાની કિટલીએ ઈલેક્ટ્રીક વાયર લોખંડના થાંભલા સાથે જોડી બેદરકારી રાખી લાઈટ માટે વ્યવસ્થા કરી વાયરના છેડા ખુલ્લા રાખતા સકીનાબાનુના પુત્ર આદીલને ખુલ્લા વાયર અડી જતા તા.૧૨/૭/૧૬ નારોજ કરંટ લાગતા મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ એ ગોહીલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૫/૧૬**

**"જી" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વિનોદભાઈ પ્રેમચંદભાઈ મુલાણી (રહે.સીંધી કોલોની સાઈબાબા મંદિરની સામે સરદારનગર) એ "જી" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૮/૧૬ બપોરના ૪/૩0 વાગ્યાના સુમારે ઈન્ડીકેફ ફેકટરી સામે કુબેરનગર જવાના રોડ ઉપરથી સુનિલભાઈ દોલતરામ મુલાણી (ઉ.વ.૩૨) એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી વાહન ચલાવી એક્ટીવાને ટક્કર મારતા સુનિલભાઈને ગંભીર ઈજાઓ થતા મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી ડી ચૌધરી ચલાવે છે.

**લાશ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૬/૧૬**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** દિપકભાઈ હમીરભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨) (રહે.મફાભાઈના છાપરા ગીરધરનગરબ્રીજ નીચે શાહીબાગ) તા.૨૩/૮/૧૬ કલાક ૭/૪૫ વાગ્યા પહેલા દુધેશ્વરબ્રીજ સાબરમતી નદીમાંથી મરણ ગયેલ હાલતમાં મળી આવતા રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમણભાઈ ગણપતભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)